સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત
આંગણવાડી કેન્દ્રના ગેસ રિફિલીંગ ખર્ચ આપવા
બાબત:

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:-આઇ.સી.ડી-૧૧૨૦૧૮-૩૧૦-બ,
તા: ૩૧/૦૮/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીના તા: ૧૬/૬/૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક આઇસીડીએસ/ગેસ ફિલીંગ/ખર્ચ/૨૬૪૭૯/૫૩૧/૨૦૧૫

(૨) કમિશ્નરશ્રીમહિલા અને બાળ વિકસ કચેરીના પત્ર ક્રમાંક યોજના-૨/આઇસીડીએસ/ ગેસ કનેક્શન/રીફીલીંગ/ દરખાસ્ત/૨૧૭૯૭/૨૦૧૮

આમુખ:

વંચાણે લીધેલ (૧) ના કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીના પરિપત્ર દ્વારા આંગણવાડી કેન્દ્રમાં ગેસ રિફીલીંગ સિલીન્ડર ચાર્જના રૂ.૪૬૦/- મુજબ એક આંગણવાડી દિઠ ચાર માસ માટે એક ગેસ સીલીન્ડર એમ વાર્ષિક ૩ ગેસ રિફીલીંગ સીલીન્ડર આપવા માટે મંજુરી આપવામાં આવી હતી. વંચાણે લીધેલ (૨) ના કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા વાર્ષિક ત્રણ વખતની મર્યાદામાં આંગણવાડી કેન્દ્રમાં ગેસ રિફીલીંગ ચાર્જીસનું ચુકવણું ખરેખર થયેલ ખર્ચ મુજબ આપવા માટે દરખાસ્ત કરેલ છે.

સરકારી ગેસ કંપનીઓ દ્વારા રાંધણ ગેસનાં દરોમાં સમયાંતરે વધ-ઘટ કરવામાં આવે છે. જેથી આંગણવાડી કક્ષાએ આ અંગે સરળતા રહે તેમજ ચૂકવણું થઇ શકે તે માટે સરકારી ગેસ કંપનીઓના ગેસ કનેક્શન ઉપર વર્ષમાં ત્રણ (૩) વાર દરેક આંગણવાડીએ રજુ કરેલ રસીદ મુજબનો ખર્ચ કરવા મંજુરી આપવી જરૂરી છે. જેથી પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ:

આંગણવાડી કેન્દ્રમાં ગેસ સીલીન્ડર રીફિલીંગ માટે સરકારી ગેસ એજન્સી કંપની દ્વારા આપવામાં આવેલ ખર્ચ પાવતી મુજબ ખરેખર થયેલ ખર્ચનું ચુકવણું આંગણવાડી દીઠ વાર્ષિક ત્રણ (૩) ગેસ સીલીન્ડરની મર્યાદામાં કરવા માટે આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાંવિભાગની તા.૮/૮/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ લલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ લલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૫. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૬. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સહિવાલય,ગાંધીનગર
૭. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૮. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૯. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ તમામ
૧૦. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) તમામ
૧૧. સિલેક્ટ ફાઇલ